**C.C.No.** 1614/2025.

सत्यमेव जयते

| | | |
|---|---|---|
| GJRJ050020962025 | **ફરિયાદ રજૂ થયા તારીખ** | **૨૧/૦૭/૨૦૨૫.** |
| | **ફરિયાદ દાખલ તારીખ** | **૨૧/૦૭/૨૦૨૫.** |
| | **ફરિયાદ નિકાલ થયા તારીખ** | **૧૧/૦૩/૨૦૨૬.** |
| | **અવધિ** | **વર્ષ માસ દિવસ**<br>**૦ ૭ ૧૮** |

= = = = ========================================

**જેતપુરના મહેરબાન જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**(શ્રી ડી.એમ.પરમાર) સાહેબની અદાલતમાં**
**મુકામઃ જેતપુરનાં સમક્ષ**

= = = = ========================================

ક્રિમિનલ કેસ નં.૧૬૧૪/૨૦૨૫.
જે.ઉ.ગુ.ર.નં.૦૧૨૮/૨૦૨૫.
આંકઃ–

**ફરિયાદીઃ–** શ્રી સરકાર.

**//વિરુદ્ધ//**

**આરોપીઃ–** (૧) સોહીલ ઉર્ફ સોયલો હનીફભાઈ સોલંકી ઉં.વ.૩૦,
રહે. બાપુનીવાડી, બોખલા દરવાજા,
જેતપુર જી.રાજકોટ.

(૨) પુજાબેન ઉર્ફે નાથી બેન લલીતભાઈ વેગડા ઉ.વ.૨૨
રહે.ભાદરના સામાકાંઠે નરસંગ ટેકરી,
જેતપુર જી.રાજકોટ.

========================================

ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી આર.કે.વસાવા
આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી.ડી.એમ.વાઘેલા

========================================

==========================================

**ગુનોઃ–** ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ–૬૫(ઇ), ૮૧ મુજબ.

==========================================

## // ચુકાદો //

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૨૨/૦૩/૨૦૨૫ના કલાકઃ૧૮.૪૫ થી કલાકઃ ૧૯.૧૫ વાગ્યાના સુમારે આ કામે આરોપી પુજાબેન વેગડાએ આરોપી સોહીલ સોલંકીને દેશી દારુ વેચાણ કરવા આપતાં કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકીશોર ને દેશી દારુ વેચાણ કરવા દેશી દારુ લી.૬૦ કિ.રૂ.૧૨૦૦૦/– સાથે મળી આવતાં, પ્રોહિબિશન એકટની કલમ–૬૫(ઇ), ૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની ફરિયાદ રજિસ્ટર કરી હાલની ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજૂ થયેલ છે.

(૨) આ કામે આરોપીને સમન્સ કરતાં આરોપીને સમન્સની બજવણી થતાં આરોપી હાજર થતાં બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ આંક–૦૪થી તહોમતનામું ફરમાવી, આંક–૦૫ થી ૦૬ આરોપીની પ્લી લેતાં આરોપીએ તેના ગુનાનો ઇનકાર કરતાં કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ મુકેશભાઈ મથુરદાસ ધાણકની જુબાની. | ૦૭ |
| ૨ | પંચનામું. | ૦૮ |
| ૩ | પંચ સાહેદ સવદાસ નાગજી બાપોદરાની જુબાની. | ૦૯ |
| ૪ | ફરીયાદી ચેતન દીલીપસિંહ ઠાકોરની જુબાની | ૧૬ |
| ૫ | ફરીયાદ | ૧૦ |

(૪) આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમા આરોપીઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતોને નકારેલ છે અને વિશેષમાં અમો આરોપી નિર્દોષ છીએ અમારા સામે ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે.

(૫) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીની તથા આરોપીઓપક્ષ તરફે વિદ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૬) હાલના કેસના ન્યાયિક નિર્ણય માટે અત્રેની અદાલત સમરક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

મુદ્દા નં.૧ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૨૨/૦૩/૨૦૨૫ના કલાકઃ૧૮.૪૫ થી કલાકઃ ૧૯.૧૫ વાગ્યાના સુમારે આ કામે આરોપી પુજાબેન વેગડાએ આરોપી સોહીલ સોલંકીને દેશી દારુ વેચાણ કરવા આપતાં કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકીશોર ને દેશી દારુ વેચાણ કરવા દેશી દારુ લી.૬૦ કિ.રૂ.૧૨૦૦૦/– સાથે મળી આવતાં, આરોપીઓએ

ધી પ્રોહિબિશન એકટની કલમ–૬૫(ઈ), ૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નં.૨ શું આખરી હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારમાં.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

## //નિર્ણય માટેનાં કારણો//

(૦૮) સદરહુ કામે રેકર્ડ પરનો પુરાવો જોતાં, આ કામે ફરિયાદપક્ષ તરફથી આંક–૦૭થી પંચ સાહેદ મુકેશભાઈ મથુરદાસ ધાણકને તથા આંક–૦૯થી સદરહુ પંચનામાના બીજા પંચ સાહેદ સવદાસ નાગજી બાપોદરાને સોગંદ પર તપાસવામાં આવેલ છે. ઉપરોક્ત બંને પંચ સાહોદોએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, પોલીસે તેઓને બોલાવી તૈયાર કાગળમાં સહી કરાવેલી. સહિ કરવા સિવાય તેઓ બીજુ કાંઈ જાણતાં નથી. તેઓને એક પંચનામું બતાવવામાં આવેલ તે જોઈને કહે છે કે, તેમાં તેઓની સહી છે. જે તેઓએ ઓળખી બતાવેલ. જેને પુરાવામાં રજૂ દાખલ આંક–૦૮ આપવામાં આવેલ. આમ, સદરહુ બંને પંચ સાહેદો પંચનામાની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા ન હોઈ વિદ્વાન એ.પી.પી.શ્રીએ તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલ છે. આમ, સદરહુ પંચ સાહેદની જુબાની ઉપરથી પંચનામું સાબિત થયેલ માની શકાય નહિ તેમ આ અદાલતનું નમ્રપણે માનવુ છે.

(૦૯) ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી આંક–૧૬થી ફરીયાદી ચેતનભાઈ દીલીપભાઈ ઠાકોરને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં તેઓએ આપેલ ફરીયાદ હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ છે. વધુમાં તેઓએ આંક–૧૦થી ફરીયાદ રજુ રાખેલ છે. બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ સ્વીકારેલ છે કે, સદર કામે પહેલા પંચનામું કરેલ અને ત્યારબાદ ફરીયાદ આપેલ અને પંચો બનાવવાળી જગ્યાનાં રહેવાસી નથી. વધુમાં સ્વીકારેલ છે કે, પેટ્રોલીંગમાં હોય તે અંગે સ્ટેશન ડાયરી ઉતારાની નકલ રજુ રાખેલ નથી તેમજ ફરીયાદ આપ્યા સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

(૧૦) આ કામે ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ ઉપરોકત સમગ્ર પુરાવાની હકીકતો વંચાણે લેવામાં આવે તો, આ કામના મહત્ત્વના ગણી શકાય તેવા સ્વતંત્ર સાહેદ તરીકે પંચ સાહેદો અને જેઓએ હાલના આરોપી પાસેથી આક્ષેપિત મુદ્દામાલ કબજે કરેલ હોય તેવી હકીકત જણાવેલ નથી. **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિ. સુરેશભાઇ એસ.પટેલનો ચુકાદો કે જે (૨૦૧૧) ૨૬ જી.એચ.જે. (૧)</u>**માં પ્રસિધ્ધ થયેલ છે જે ધ્યાને લેવામાં આવે તો જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે જ્યારે પંચસાહેદ ફરિયાદપક્ષે ફરી ગયેલા પંચસાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરિયાદપક્ષના પુરાવા ઉપર આધાર રાખવો એ સલામતીભર્યુ ગણાય

નહિ. નામ.સર્વોચ્ચ અદાલતના ચુકાદા "AZEEZ V/S. STATE OF KERALA 2013 (0) GLHEL- S.C.52570"માં પ્રતિપાદીત થયેલ સિધ્ધાંત મુજબ જ્યારે કેસમાં અન્ય સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને પંચસાહેદ હોસ્ટાઇલ થયેલા હોઇ, ત્યારે માત્ર પોલીસ સાહેદની જુબાનીના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહિ. વધુમાં ચાર્જશીટ જોતા હાલના કામે તપાસ કરનાર અધિકારીશ્રીએ કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા હોય તેવુ જણાઇ આવતુ નથી. તેમજ ચાર્જશીટ જોતાં પણ આ કામના ફરિયાદીએ પોલીસ સાહેદ છે અને જેઓ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપે તે સ્વાભાવિક છે. પરંતુ જ્યારે સ્વતંત્ર ગણી શકાય તેવા સાહેદોએ કેસની હકીકતોને કોઇ જ સમર્થન આપેલ ન હોઇ માત્ર પોલીસ સાહેદોનો પુરાવાનો આધાર લઈ હાલના આરોપીને તકસીરવાન ઠરાવવા એ સલામતી ભર્યુ ગણી શકાય તેમ નથી. આ કામે ફરીયાદી તથા સદર કામે તપાસેલા અન્ય સાહેદોએ આરોપીના કબજામાંથી મુદ્દામાલ કબજે કર્યાની હકીકત પોતાના મૌખીક પુરાવામાં જણાવેલ છે. પરંતુ તેને પંચસાહેદોએ સમર્થન કરેલ નથી. આમ, સદરહું કામોનો મુદ્દામાલ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કબજે લીધેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૧૧) આ કામે ફરિયાદપક્ષે રજૂ થયેલ રેકર્ડ ઉપરનો પુરાવો જોઇએ તો, તપાસ કરનાર અમલદાર દ્વારા કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. પંચનામાની હકીકત ફરિયાદપક્ષે સાબિત થતી

નથી. તેમજ સદર કેસમાં ફરિયાદપક્ષનો પુરાવો જોતાં આરોપીના શરીરના બાંધાનું વર્ણન કરેલ હોય તેવુ પણ રેકર્ડ પર આવેલ નથી. તેમજ તપાસ કરનાર પોલીસ અધિકારીએ કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ખરેખર દેશી દારૂ છે તે પુરવાર કરવુ પડે. પરંતુ આવો પુરાવો હાલના કામે રજૂ થયેલ નથી. જે આ કેસમાં ફરિયાદપક્ષે પુરવાર થતુ ન હોય આરોપીને શંકાના લાભ મળવાપાત્ર છે. આમ, ઉપરોક્ત રજૂ થયેલ પુરાવો વંચાણે લેતા ચાર્જશીટમાં જણાવેલ આરોપી દ્વારા તેમના અંગત કબજામાં દેશી દારૂ રાખતા હોય તેવી કોઇ હકીકત નિઃશંકપણે ફરિયાદપક્ષે પુરવાર કરી શકેલ નથી.

**(૧૨)** આમ, સદરહું કામનો મુદ્દામાલ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કબજે લીધેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ નિઃશંકપણે તથા સ્વતંત્ર અને નિષ્પક્ષ પુરાવાથી પુરવાર કરી શકેલ નથી અને સ્વતંત્ર અને સમર્થનકારક પુરાવાના અભાવે હાલના આરોપીને સદર ગુનાના કામે સંડોવી શકાય તેવું જણાઇ આવતું નથી. આમ, આ કામના પુરાવાઓ ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધનો કેસ સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નિવડતાં, મુદ્દા નં.૧ "નકારમાં" નિર્ણીત કરી મુદ્દા નં.૨ પરત્વે આખરી હુકમ નીચે મુજબનો ફરમાવું છું.

**//આખરી હુકમ//**

- આ કામના આરોપીઓને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૧(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ-૬૫(ઇ), ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામે રજૂ થયેલ મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબનો મુદ્દામાલ દેશી દારૂનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- આરોપીએ અગાઉ રજૂ કરેલ જામીનને અપીલ સમય સુધી ચાલુ રાખવા વિકલ્પે રૂ.૫૦૦૦/- ના જામીન રજૂ કરવા.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૧, માહેઃમાર્ચ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૧/૦૩/૨૦૨૬.
મુકામઃ જેતપુર.

(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)
જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
જેતપુર.
UIC-GJ01563.

Typed by:- k.m.vaja,
Gujarati Stenographer